ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

**પ્રેસનોટ:-2271/03/2024** **તા.31.03.2024**

## કચ્છ-ભૂજ ખાતે નવસારી લોકસભાના ઉમેદવાર તેમજ પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીની અધ્યક્ષતામા કચ્છ જિલ્લાના બૂથ કાર્યકર્તાઓનુ સંમેલન યોજાયું .

----

## ગુજરાત વિધાનસભામા આપણને કોંગ્રેસ કરતા ડબલ અને આમ આદમી પાર્ટી કરતા ચાર ગણા મત મળ્યા છે તે કાર્યકર્તાઓની મહેનત છે. – શ્રી સી.આર.પાટીલ

----

## ગુજરાતમા દરેક બેઠક પર પાંચ લાખથી વધુની લીડ મેળવવા કાર્યકર્તાઓએ પ્રયાસ કરવાનો છે. – શ્રી સી.આર.પાટીલ

----

## કચ્છમા જયારે ભૂકંપ આવ્યો તેમા જે હોનારત થઇ ત્યાર પછી તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કચ્છ-ભૂજમા વિકાસના કાર્યો થકી કાયાકલ્પ કરી છે. – શ્રી વિનોદભાઇ ચાવડા

----

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમા જણાવે છે કે, આજ રોજ કચ્છ-ભૂજ ખાતે નવસારી લોકસભાના ઉમેદવાર તેમજ પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીની અધ્યક્ષતામા કચ્છ જિલ્લાના બૂથ કાર્યકર્તાઓનુ સંમેલન યોજાયું. આ કાર્યક્રમમા જીલ્લાના પ્રમુખશ્રી દેવજીભાઇ વરચંદએ સ્વાગત પ્રવચન કર્યું હતું.

પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીએ કાર્યકર્તાઓને માર્ગદર્શન આપતા જણાવ્યું કે, દેશમા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ સતત ત્રીજી વખત

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



વડાપ્રધાન બનવા જઇ રહ્યા છે. ગુજરાતમા દરેક બેઠક પર પાંચ લાખથી વધુની લીડ મેળવવા કાર્યકર્તાઓએ પ્રયાસ કરવાનો છે. આજે દેશમા મોદી લહેર ચાલી રહી છે. કોંગ્રેસ આજે ચૂંટણી લડવી કે નહી તેના અવઢવમા છે. ભાજપનો કાર્યકર્તા મોદી સાહેબના હાથ ને મજબૂત કરવા કમિટેડ છે. ચૂંટણીમા સૌ મતદારો વડાપ્રધાન મોદી સાહેબને મત આપવાના છે.

શ્રી પાટીલજીએ વધુમા જણાવ્યું કે, ભાજપના દરેક કાર્યકર્તાએ જીતનો સંકલ્પ કરવાનો છે. આજે અંહી ઉપસ્થિત સૌ બૂથ ના નેતા છે. બૂથ પ્રમુખશ્રીઓએ તેમના સભ્યોશ્રીઓનો સંપર્ક સતત રાખવો જોઇએ. ગુજરાત વિધાનસભામા આપણને કોંગ્રેસ કરતા ડબલ અને આમ આદમી પાર્ટી કરતા ચાર ગણા મત મળ્યા છે તે કાર્યકર્તાઓની મહેનત છે. વિધાનસભાની 20 જેટલી બેઠકો નજીવા મતે હાર્યા છીએ. કાર્યકર્તાઓએ સરકારની યોજનાના લાભાર્થીઓને સંપર્ક કરવો જોઇએ. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કચ્છમા વિકાસના કાર્યો અને પ્રવાસન વિસ્તારનો વિકાસ કરી રોજગારીનુ સર્જન કર્યુ છે.

આ કાર્યક્રમમા પ્રદેશ મહામંત્રીશ્રી વિનોદભાઇ ચાવડાએ કાર્યકર્તાઓને સંબોધતા જણાવ્યું કે, કચ્છમા જયારે ભૂકંપ આવ્યો તેમા જે હોનારત થઇ ત્યાર પછી તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કચ્છ-ભૂજમા વિકાસના કાર્યો થકી કાયાકલ્પ કરી છે. કચ્છ એક એવો જિલ્લો છે જેમા ટુરિઝમ અને એગ્રિકલ્ચરના ઘણા કામો થયો છે.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ ત્રીજી વખત દેશના વડાપ્રધાન બનવા જઇ રહ્યા છે.ગુજરાતમા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીએ 26 માથી 26 બેઠક પર પાંચ લાખની લીડ સાથે ઉમેદવારને જીતાવાનો સંકલ્પ આપ્યો છે તેને સફળ કરવાનો છે. ચૂંટણીમા વધુ મતદાન થાય તે દિશામા દરેક કાર્યકર્તા મહેનત કરે.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

આ સંમેલનમા જિલ્લાના પ્રમુખશ્રી દેવજીભાઇ વરચંદ,સંગઠનના પ્રભારીશ્રી કશ્યપભાઇ શુકલા, શ્રી રણછોડભાઇ દલવાડી, શ્રી જનકસિંહ જાડેજા,શ્રી કેશુભાઇ પટેલ,ધારાસભ્યશ્રીઓ શ્રી અનિરુદ્ધભાઇ દવે,શ્રી ત્રિકમભાઇ છાંગા,શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા,શ્રી માલતીબેન મહેશ્વરી,શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા,શ્રી કાંતિભાઇ અમૃતિયા,કચ્છ લોકસભાના પ્રભારીશ્રી કમલેશભાઇ મિરાણી,શ્રી ડો.નિમાબેન આચાર્ય,પુર્વ મંત્રીશ્રી વાસણભાઇ આહિર,જિલ્લાના મહામંત્રીશ્રીઓ સહિત જિલ્લાના આગેવાનો અને પ્રદેશના હોદ્દેદારશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)